# વિદ્વાનો માટે એક મહત્ત્વનું કાર્યક્ષેત્ર

*સ્વપ્ન જિનશાસન*
*આ. કલ્યાણબોધિસૂરિ*

આપણી પરંપરામાં જિનાલયના નિર્માણ કરતાં જીર્ણોદ્ધાર કરાવવાનું ફળ આઠ ગણું માનવામાં આવ્યું છે. એક અપેક્ષાએ બાહ્ય આક્રમણોમાં જિનાલયની રક્ષા કરવાનું ફળ તેના કરતાં પણ અનેક ગણું સિદ્ધ થાય છે. એ જ રીતે શાસ્ત્ર સર્જન કરતાં પણ પ્રાચીન શ્રુતની રક્ષાનું વધુ ફળ, અને તેના કરતાં પણ બાહ્ય આક્રમણોમાં તેની રક્ષા કરવાનું વધુ ફળ છે. શ્રુતરક્ષા અનેક પ્રકારની હોય છે. પ્રાચીન અતિજીર્ણ હસ્તપ્રતિની પુનર્લેખન - પુનર્મુદ્રણ આદિ માધ્યમ દ્વારા શ્રુતરક્ષા કરવી, એ એક પ્રકાર છે. તેમ જિનાગમને નામે કે જૈન ધર્મ અધ્યયનને નામે અસત્ પ્રરુપણા કરવા દ્વારા સૈદ્ધાન્તિક વિડંબના કરતા અસત્ તત્વનો પ્રતિકાર કરવો, એ પણ શ્રુતરક્ષાનો એક પ્રકાર છે. શ્રીસંઘમાં પ્રથમ પ્રકારની શ્રુતરક્ષા માટે ઓછી - વત્તી જાગૃતિ પ્રવર્તે છે... પણ બીજા પ્રકારની શ્રુતરક્ષા માટે? કદાચ આને શ્રુતરક્ષા કહેવાય કે આ પણ એક આવશ્યક કર્તવ્ય છે, એની પણ મોટા ભાગના લોકોને જાણ નહીં હોય. પરિણામ? જૈન ધર્મ માટે ઠેક ઠેકાણે મનફાવતું લખાણ જોવા મળી રહ્યું છે.

એક ગ્રંથ તાજેતરમાં જોવામાં આવ્યો - ભારતીય સાહિત્ય કોષ. ત્રણ વોલ્યુમ ધરાવતા આ ગ્રંથમાં દાર્શનિક નિરૂપણમાં જૈન દર્શન માટે જે શબ્દોનો ઉપયોગ થયો છે. તે આ મુજબ છે - જૈન દર્શન એ નાસ્તિક દર્શન છે. વેદનિંદક હોવા છતાં પણ આ દર્શનનું અસ્તિત્વ આજે પણ છે. (મૂળ હિંદીથી અનુવાદિત).

એક બાજુ કરોડો અન્યધર્મીઓ જૈનોના દુશ્મન બને અને જૈન ધર્મનું અસ્તિત્વ સમાપ્ત થઇ જાય એવી ઇરછા ધરાવે એવી અસત્ - અયથાર્થ પ્રરૂપણાઓ થતી હોય, અને બીજી બાજુ આપણે મહોત્સવો આદિમાં કે આપણી દૃષ્ટિના શાસનના અન્ય કાર્યોમાં વ્યસ્ત હોઇએ, એ કેવું?

પ્રભુ વીરના સમવસરણમાં અગ્યાર દિગ્ગજ બ્રાહ્મણો વેદોના સંશય લઇને આવ્યા હતા. ખુદ પ્રભુ વીરે એક પણ બ્રાહ્મણને એમ નથી કહ્યું કે 'વેદો ખોટા છે, કે વેદોનું નિરૂપણ યથાર્થ નથી', પણ પ્રભુ વીરે તો એમ જ કહ્યું કે તમે વેદપદોનો અર્થ બરાબર સમજ્યા નથી, માટે તમને સંશય થયો છે. હું તમને એનો સમ્યક્ અર્થ સમજાવું છું, જેમાં સંશયનો કોઇ જ અવકાશ નથી - वेयपयाणमत्थं न याणसि तेसिमो अत्थो ।

પ્રભુ વીરની આ સમતા - સમન્વય - સહિષ્ણુતા પૂર્વક દૃષ્ટિ, જૈન ધર્મની ઔદાર્યાદિ અદ્ભૂત વિશેષતાઓને જગતમાં પ્રસિદ્ધ કરવાની અને ખોટા પ્રચાર દ્વારા થતાં સ્વ - પરના અનર્થને રોકવાની આપણી જવાબદારી નહીં?

એક અન્ય ગ્રંથ જોવામાં આવ્યો - Encyclopeadia of Jainism. મોટી સાઇઝના ત્રીશ વોલ્યુમમાં આ ગ્રંથ પથરાયેલો છે. એક ધંધાદારી સંસ્થાએ પ્રાયઃ એક અજૈન વ્યક્તિ દ્વારા લિખિત આ ગ્રંથનુ પ્રકાશન કરેલ છે. ગુરૂગમ વિનાનું લેખન ને ગીતાર્થોના માર્ગદર્શન - સંશોધનનો અભાવ. જોયા વગર પણ કલ્પના થઇ શકે, કે આ ગ્રંથમાં છબરડાઓની કેટલી ભરમાર હશે? (સંપાદક - નગેન્દ્રકુમાર સિંઘ, પ્રકાશક - અનમોલ પબ્લિકેશન્સ પ્રા.લિ. ૪૩૧૪/૪ બી, અનસારી રોડ, દરિયાગંજ, નવી દિલ્લી - ૧૧૦ ૦૦૦૨)

આપણામાં એક માન્યતા એવી છે કે 'આપણે એ પ્રકારનું શુદ્ધ સાહિત્ય છાપવું'. પણ આપણે વધુમાં વધુ ૨૦૦ - ૫૦૦ નકલો કરાવીને આપણા જ્ઞાનભંડારોમાં એ બધું ભંડારી દઇશું. જયારે ધંધાદારી સંસ્થાઓ દુનિયાના અનેકાનેક દેશોમાં એમના સાહિત્યનું વેંચાણ કરતી હોય છે. અન્યથા એમને પ્રકાશન ખર્ચ જ ન પરવડે. વળી અનેકાનેક વિદ્વાનો એ સાહિત્યનો અભ્યાસ કરતા હોય છે + કરવાના હોય છે.

ધારો કે આપણે પુરુષાર્થ કરીને તે તે દેશો સુધી ય આપણું સાહિત્ય પહોંચાડી દીધું, પણ એક જ દર્શન પર બે વિસંવાદી સાહિત્ય ઉપલબ્ધ હોય, એનાથી શું લાભ થશે? એમની ભૂલો કોણ સુધારશે? જૈન ધર્મ માટે મન ફાવે તેવું લખી દેનાર - છાપી દેનારનો કાન કોણ પકડશે? આપણા સમુદાયના વડીલો માટે કોઇએ આડું - અવળું લખ્યું - છાપ્યું હશે, તો આપણો તે તે સમુદાય કૂદી પડશે. 'મહાવીર'ના માટે કે જૈન ધર્મ માટે એલ - ફેલ પ્રરૂપણા થાય, માંસ - નિકાસ સાથે 'અરિહંત' નામ જોડવાની ક્રૂર મ મશ્કરીઓ થાય, તો કૂદી પડનાર કોણ? છતી શક્તિએ આનો પ્રતિકાર ન કરાય, તો સમ્યગ્દર્શનની શુદ્ધિ કે સમ્યગ્દર્શનનું અસ્તિત્વ સંભવે ખરું?

'ઇસ્લામ' માટે કોઇએ થોડું આધું - પાછું છાપ્યું હતું, તેમના ધર્મગુરુના આદેશથી એનો આખો પ્રેસ બાળી નાખવામાં આવ્યો. આટલું ઓછું હોય, તેમ એક મહિના સુધી રોજ છાપામાં માફીપત્ર આપવા દ્વારા તેની પાસે માફી અપાવડાવી, એ પણ એના પોતાના ખર્ચે. 'જૈન' માટે ગમે તેવું નિર્ભયતાપૂર્વક લખી શકાય. છાપી શકાય અને જગજાહેર કરી શકાય, તેમાં આપણી નિ:સત્ત્વતા અને નિષ્ક્રિયતા નો ઘણો મોટો ફાળો છે.

આપણા વિદ્વાનો તે તે સાહિત્યની સમાલોચના કરે. પ્રાચીન સંદર્ભો સાથે વ્યવસ્થિત રીતે સમગ્ર નોંધ તૈયાર કરે. લેખક - પ્રકાશક સુધી તે સમાલોચના પહોંચાડવામાં આવે. છતાં ભૂલ ન સુધારે તો દબાણ કરાય, વિરોધ કરાય, કેસ કરાય.... આવી એકાદ - બે ઘટનાથી લેખકો – સંપાદકો - પ્રકાશકો બધાં જ સતર્ક બની જાય. બરાબર અભ્યાસ કરીને લખે. લખ્યા બાદ આપણા ગીતાર્થ ગુરુ ભગવંતો પાસે તપાસાવે. અને પછી પ્રકાશન - પ્રસારણ કરે, આમાં જિનશાસનનું ગૌરવ વધે છે, સૈદ્ધાન્તિક ગેરસમજોની શક્યતા દૂર થાય છે. પ્રકાશકોના ખર્ચે અને તેમના જ વહીવટી તંત્ર દ્વારા જિનવાણીનો જગતમાં પ્રસાર થાય છે - આ રીતે જિનશાસનને અનેક રીતે લાભ થાય છે.

બધા લેખકોનો દુશ્મનાવટનો આશય હોય, એવું લાગતું નથી. ગુરુગમનો અભાવ, અર્થઘટનમાં ભૂલ, અલ્પ બોધ વગેરેને કારણે એમની જે ક્ષતિઓ થઇ હોય. તેને શિષ્ટતા પૂર્વક સાક્ષીઓ સાથે બતાવવાથી તેઓ પ્રાયઃ સ્વીકારી લે. પ્રકાશકો પણ લેખકોને ટકોર કરે, કે તમે બરાબર લખો / ભૂલ ન કરો / ન સમજાય ત્યાં એમને પૂછો / એ લોકો જે ક્ષતિઓ ‘પ્રૂફ સાથે’ દેખાડે છે એ સુધારી લો - ઇત્યાદિ. છેવટે કેસ ‘ચાલુ’ થતાની સાથે જ તે તે પ્રકાશન પ્રતિબંધિત - 'બેન’ થઇ શકે છે. આમ છેવટે પણ તેમને શરણે આવ્યા વિના છૂટકો જ નથી. એક અપેક્ષાએ તીર્થરક્ષા આદિના ‘કેસ’ કરતાં પણ શ્રુતરક્ષા માટે છેલ્લા ઉપાય તરીકે આવો ‘કેસ’ કરવો પડે, તે વધુ મહત્ત્વનો છે.

માટે સર્જન - સંશોધન - સંપાદન આદિ કરતા પણ વર્તમાન કાળાનુસારી આ શ્રુતરક્ષાનું કાર્ય અનેક ગણું મહત્ત્વનું બની રહે છે. સક્ષમ વિદ્વાનો આ કાર્ય માટે આગળ આવે અને ગુરુ ભગવંતો યોગ્ય સંયમીઓ કે પંડિતોને આવા કાર્ય માટેની સક્ષમતા કેળવવા માટે પ્રોત્સાહિત કરે, તો ધર્મરક્ષા - સિદ્ધાન્તરક્ષા - શ્રુતરક્ષાનું અદ્દભુત કાર્ય સાકાર બની શકે.